સરદાર પટેલ આવાસ યોજના અંગેની
સૂચનાઓમાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક-સસય-૧૦-૨૦૦૦-મંત્રી-૫૩-વ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૨-૮-૨૦૦૦

વંચાણે લીધા:-(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખ:- ૧-૫-૧૯૯૭નો ઠરાવ ક્રમાંક-મકન- ૧૦૯૫-૧૮૮૫-૧૩૨૬(૯૭)-વ

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખ:- ૨૮-૯-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક-મકન-૧૦૯૫ ૧૮૮૫-૧૩૨૬-(૯૭)વ

(૩) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખ:- ૪-૨-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-મકન-૧૦૯૫-૧૩૨૬-વ

(૪) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખ:- ૫-૪-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-સપય-૧૦-૨૦૦૦-મંત્રી-૫૩-વ

(૫) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખ:- ૨૫-૫-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-મકમ-૧૦૯૫-૧૩૨૬-વ

(૬) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખ:- ૧૯-૬-૨૦૦૦નો પરિપત્ર ક્રમાંક- સપય-૧૦-૨૦૦૦-૧૦૯૮-વ

ઠરાવ:-

આમુખના ક્રમાંક(૧)ના ઠરાવથી સરદાર પટેલ આવાસ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ત્યારબાદ આમુખમાં દર્શાવેલ ઠરાવો અને પરિપત્રોથી વખતોવખત જરુરી સુધારા-વધારા કરવામાં આવ્યા છે. હવે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

(૧) આમુખમાં દર્શાવેલ ક્રમાંક-(૬) આગળના તા. ૧૯-૬-૨૦૦૦ના પરિપત્રના ફકરા ક્રમાંક-(૧૧)થી આપવામાં આવેલ સૂચના આથી રદ કરવામાં આવે છે અને હવે એવું ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ આવાસ યોજનાના લાભાર્થીએ તેના મકાનના બાંધકામમાં બિનકુશળ મજૂરી પેટે આશરે રુ ૨૫,૦૦/- જેટલો શ્રમફાળો ફરજિયાતપણે આપવાનો રહેશે. બિનકુશળ મજૂરીમાં મકાનના પાયાનું ખોદકામ, પુરાણ, તેમજ ઓટલાનું પુરાણ, વિગેરે કામનો સમાવેશ થશે. લાભાર્થી પાસેથી પોતે શ્રમફાળો આપવા સહમત છે તે મતલબની લેખિત સહમતી તેની પાસેથી મેળવવાની રહેશે. જો કોઇ લાભાર્થી શ્રમફાળો આપવા માટે ઇચ્છા ન દર્શાવે અને લેખિત સહમતિ ન આપે તો તેવા કિસ્સામાં તેમની મકાન સહાય નામંજૂર કરવાની રહેશે. આવી સહાય નિયમ અનુસાર અન્ય લાભાર્થીને મંજૂર કરી શકાશે. સરદાર પટેલ આવાસ યોજના હેઠળની રુ. ૩૦,૦૦૦ સહાય યથાવત રાખવામાં આવે છે અને રુ. ૨૫૦૦ જેટલો શ્રમફાળો વધારાનો ગણવાનો રહેશે.

(૨) આમુખના ક્રમાંક(૩) આગળના તા. ૪-૨-૨૦૦૦ના ઠરાવના ફકરા ક્રમાંક-૨થી સરદાર પટેલ આવાસ યોજનાના મકાનોનું માપ, વિગેરે દર્શાવેલ છે. તે મુજબ આવા મકાનના આગળ અને પાછળના ભાગમાં બે બારણાં અને બે બારીઓ રાખવાનું નિયત કરવામાં આવેલ છે. જો મકાનના પાછળના ભાગમાં બારણાના બદલે બારી મૂકવામાં આવે તો તેટલા અંશે ખર્ચમાં ઘટાડો થઇ શકે તેમ છે. આથી જો કોઇ લાભાર્થી તેના મકાનમાં પાછળના ભાગમાં બારણાને બદલે બારી મૂકવા માટે લેખિત સહમતી આપે તો તેવા કિસ્સામાં તેમ કરવાની પરવાનગી આપી શકાશે. આવા કિસ્સામાં હવા - ઉજાસ જળવાઇ રહે તે પ્રમાણે બારી મૂકવાની રહેશે.

(૩) તેવી જ રીતે આમુખના ક્રમાંક(૩) ના તા. ૪-૨-૨૦૦૦ના ઠરાવના ફકરા ક્રમાંક-૨થી રુમ અને રસોડા વચ્ચે ૧ મીટરથી ૧.૫૨ મીટર ઉંચાઇની પાર્ટીશન દિવાલ રાખવાનું પણ નિયત થયેલ છે. જો કોઇ લાભાર્થી તેવી દિવાલ રાખવા માંગતો ન હોય અથવા બારીના લેવલે રાખવા ઈચ્છતો હોય તો તેટલા અંશે ખર્ચમાં ઘટાડો થઇ શકે તેમ છે. આથી જે કિસ્સામાં લાભાર્થી પાર્ટીશન દિવાલ રાખવા ઈચ્છતો ન હોય અથવા બારીના લેવલે રાખવા ઈચ્છતો હોય અને તે માટે લેખિત સહમતી આપે તો તેવા કિસ્સામાં પાર્ટીશન દિવાલ માટે છૂટછાટ આપી શકાશે. કોઈપણ સંજોગોમાં, પાર્ટીશન વોલ, બારીના લેવલથી વધવી ન જોઇએ અને તેની લંબાઇ રુમની કુલ લંબાઇથી અડધી હોવી જોઇએ.

(૪) આમુખના ક્રમાંક-(૧) આગળ દર્શાવેલ તા. ૧-૫-૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ યોજનાની સહાયની રકમ ક્રમશઃ ત્રણ તબક્કે ચૂકવવાની રહે છે અને તે અનુસાર પ્લીંથ લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયેથી યુનિટ કોસ્ટના ૩૦ ટકા રકમ સહાય તરીકે ચૂકવવાની રહે છે. ત્યારબાદ મકાનના છાપરા સુધીનું બાંધકામ પૂર્ણ થયેથી યુનિટ કોસ્ટના ૪૦ ટકા રકમ ચૂકવવાની રહે છે. તેવી જ રીતે મકાનનું બાંધકામ પૂર્ણ થયા બાદ કમ્પ્લીશન સર્ટીફિકેટના આધારે બાકીની ૩૦ ટકાની રકમ ચૂકવવાની રહે છે. વધુમાં ઉક્ત ઠરાવથી એવી પણ સૂચના આપવામાં આવેલ છે કે આવા મકાનોની જે તે તબક્કે સઘન તાંત્રિક તપાસણી થાય અને ત્યારબાદ ચૂકવવાપાત્ર થતી રકમ ચૂકવવામાં આવે. તેમ છતાં સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે, કેટલાક કિસ્સામાં આ યોજના માટે તબક્કાવાર નિયત થયેલ તાંત્રિક ચકાસણી કર્યા વગર સહાયનું ચૂકવણું કરવામાં આવે છે, જે ગંભીર બાબત છે. આથી આ યોજનાની તબક્કાવાર નિયત થયેલ તાંત્રિક ચકાસણી કર્યા બાદ જ અને તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કર્યા બાદ જ સહાય ચૂકવવા માટે આથી સૂચના આપવામાં આવે છે.

(૫) સરદાર પટેલ આવાસ યોજના હેઠળ હાલ જે પ્લોટો આપવામાં આવે છે અને તે ઘણીવાર છૂટાછવાયા હોય છે અને તેના કારણે મકાન બાંધકામનો ખર્ચ વધુ આવે છે. જો આવા પ્લોટો સમુહમાં હોય તો ખર્ચમાં ઘટાડો થઇ શકે તેમ છે. આથી હવેથી આવા પ્લોટો, શક્ય હોય ત્યાં સુધી સમૂહમાં ફાળવવા માટે આયોજન કરવું.

(૬) આમુખના ક્રમાંક-(૫)આગળ દર્શાવેલ તા. ૨૫-૫-૨૦૦૦ના ઠરાવના ક્રમાંક (૬)થી કોઈપણ બિનસરકારી એજન્સીને એકી સાથે ૨૦૦ થી વધુ મકાનોના બાંધકામની કામગીરી સોંપી શકાશે નહિ તેવું ઠરાવેલ છે. આ બાબતમાં કેટલાક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ કાર્યદક્ષ અને સારી બિનસરકારી એજન્સીઓને વધુ મકાનો ફાળવવા દેવાની છૂટ આપવા માટે રજૂઆત કરેલ છે. કાળજીપૂર્વકની વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે, જો જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સંતોષ થાય કે અમુક બિનસરકારી એજન્સી કાર્યદક્ષ છે અને સારો રેકોર્ડ ધરાવે છે તો તેવા કિસ્સામાં તેમને યોગ્ય લાગે તેટલા મકાનોની કામગીરી સોંપી શકાશે પરંતુ તે અંગેની જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

(૭) આમુખના ક્રમાંક-(૩) આગળના તા. ૪-૨-૨૦૦૦ના ઠરાવના ફકરા ક્રમાંક- ૨થી એવું ઠરાવવામાં આવ્યું છે કે, સરદાર પટેલ આવાસ યોજનાનાં મકાનો શક્ય હોય ત્યાં સુધી બબ્બેનાં જોડકાંમાં બનાવવાં, પરંતુ જે કિસ્સામાં બબ્બેના જોડકામાં મકાનો બનાવવાનું શક્ય ન હોય તેવા કિસ્સામાં એક એક મકાન પણ બનાવી શકાશે.

(૮) સરદાર પટેલ આવાસ યોજના અંગે સરકાર તરફથી જે ધોરણો નક્કી થયા છે તેમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને લાભાર્થીઓએ તેમના આવાસોમાં જે કોઇ સુધારા વધારા કરવાના હોય તે આવાસોની અર્પણવિધિ થઇ ગયા પછી જ કરી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.એમ.ચૌહાણ )
સંયુકત સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સચિવાલયના સર્વે વિભાગો
- સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબો, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સભ્ય- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઇલ